આળશ એટલે
મૂર્ખાઓએ જાહેર
કરેલું વેકેશન
- રોસ્ટર ફિલ્ડ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૭૩ | ૨૩ મે ૨૦૧૨, બુધવાર, જયેષ્ઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# જિલ્લાની બેન્કોમાં ડિપોઝીટ ૧૩ હજાર કરોડ વધી

## ક્રેડિટ-ડિપોઝીટ રેશિયોમાં નોંધપાત્ર ફેરફાર નથી નોંધાયો : ધિરાણ દરમાં બદલાવને કારણે ધિરાણ મેળવનારા પણ ઘટ્યા હોવાની શંકા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં વિતેલા નાણાંકીય વર્ષ દરમ્યાન બેંકોમાંની ડિપોઝીટ રૂ. ૧૩ હજાર કરોડનો આંક વટાવી ગયા બાદ પણ ક્રેડીટ ડિપોઝીટ રેસિયોમાં કોઈ ખાસ સુધારો ન દેખાતાં બેંકિંગ ક્ષેત્રમાં તે બાબત ચર્ચાસ્પદ બનવા પામી છે. ગત વર્ષની તુલનામાં આ વધારો નોંધાયો છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં ડિપોઝીટોની રકમમાં સારો એવો વધારો સતત થઈ રહ્યો છે પણ ધિરાણના લક્ષ્યાંકો પુરા થતા નથી. ખાસ કરીને સ્વરોજગારની સહાય યોજનાઓના અમલીકરણમાં બેંકો દ્વારા હજુ પણ નકારાત્મક વલણ અપનાવવામાં આવી રહ્યું છે.

કૃષિક્ષેત્રના ધિરાણમાં પણ જોઈએ તેટલો સુધારો થયેલો જોવા મળતો નથી. જિલ્લામાં ખેડૂત ખાતેદારોની સંખ્યા એક લાખ કરતાં પણ વધારે હોવા છતાં હજુ માત્રને માત્ર ૭૦ હજાર જેટલા ખેડૂતોને જ કિસાન ક્રેડીટ કાર્ડ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જિલ્લામાં કૃષિ ધિરાણ વધે તે માટે આગામી દિવસોમાં કૃષિ ધિરાણના કેમ્પોનું આયોજન કરવાની પણ વિચારણા એક તબક્કે હાથ ધરાઈ હોવાનું બેંકિંગના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

ખાનગી ક્ષેત્રની બેંકો દ્વારા ધિરાણની કામગીરી અત્યંત નબળી હોવાને કારણે તેની સીધી અસર જિલ્લાના બેંકિંગ ક્ષેત્ર પર પડી રહી હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે. ખાનગી ક્ષેત્રની બેંકો દ્વારા ડિપોઝીટરોને આકર્ષવા માટે લાલજાજમ બિછાવી રહી છે પણ ધિરાણ બાબતે તેમનું વલણ વધુ નકારાત્મક રહેવા પામ્યું છે.

બે હજારથી ઓછી વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારને બેંકિંગ સેવાઓ તળે આવરી લેવામાં બેંકોનું વલણ ઉદાસીન જોવા મળ્યું હોવાની લાગણી ગ્રામ્ય વિસ્તારમાં પ્રવર્તી રહી છે. જો કે આ અંગે બેંકિંગ ક્ષેત્રના અભ્યાસુઓ એવી દલીલ કરી રહ્યા છે કે મોબાઈલ લિંકેજ આપી દેવામાં આવ્યા છે. તેમજ માર્ચ ૨૦૧૩ સુધીમાં લગભગ બધાજ ગામોને આવરી લેવામાં આવશે.

બેંકિંગ ક્ષેત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બેંકોના વ્યાજદરમાં થયેલા ફેરફારોને પગલે ડિપોઝીટની રકમોમાં વધારો જરૂર થયો છે. આ સૂત્રોએ જણાવ્યું છે કે છેલ્લા ત્રિમાસિક ગાળામાં જ બેંકોના વ્યાજદરમાં થયેલા બદલાવને કારણે ડિપોઝીટો વધી છે. સ્વરોજગારની યોજનાઓમાં જરૂરી દસ્તાવેજોના અભાવે કામગીરી ધીમી કદાચ હશે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ફળ બજાર માટે જગ્યા ફાળવવા માંગ

## સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પ્રવિણ પટેલે પત્ર લખી કરેલી માંગ, નવા સેકટરોમાં પણ સુવિધા નથી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરના વધતા જતા વિકાસને ધ્યાને રાખી શહેરમાં અલાયદા ફળબજાર માટે જગ્યા ફાળવવાની માંગ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે કરી છે.

ગાંધીનગર કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે આ માંગણી રાજયના શહેરી વિકાસ મંત્રી શ્રી નીતિન પટેલ તેમજ માર્ગ મકાન વિભાગના અગ્ર સચિવશ્રીને પત્ર લખીને કરી છે.

અલાયદા ફળ બજારની માંગ કરતાં શ્રી પટેલે જણાવ્યું છે કે ગાંધીનગર જે રીતે વિકસી રહ્યું છે તેને ધ્યાને રાખી નવા સેકટરો તેમજ ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ અલાયદુ શાક માર્કેટ અને ફળ બજાર બનાવવામાં આવે તે જરુરી છે.

શ્રી પટેલે તેમના પત્રમાં જણાવ્યું છે કે ગાંધીનગર શહેર વિસ્તારમાં ફળફળાદી માટે અલગ જગા અસ્તિત્વમાં નથી. આથી ફળફળાદી વેચનાર અને ફળફળાદી ખરીદનાર માટે ખૂબ જ મુશ્કેલી અનુભવવી પડે છે. દરેક શહેરોમાં ફળફળાદીનું અલાયદુ બજાર હોય છે. અને એક જ જગ્યાએથી નાગરિકો ફળફળાદી ખરીદી શકે છે. તેવી રીતે ગાંધીનગર શહેરમાં ફળફળાદી માર્કેટ માટે અલાયદુ બજાર ઉભું કરવાની ખૂબ જ આવશ્યકતા છે અને હાલ ગાંધીનગરમાં જમીન ફાળવી શકાય તેવી પૂરેપૂરી શકયતાઓ છે ત્યારે નાગરિકો અને ફળફળાદી વેચનાર વેપારીઓ માટે સહાનુભુતિ વલણ અખત્યાર કરી અને ફળફળાદી માટે અલગ ફ્રુટ માર્કેટ ઉભું કરવાની હાલની પરિસ્થિતિમાં અત્યંત જરૂરીયાત છે. આથી આ અંગે ફળફળાદી માટે અલગ ફ્રુટ માર્કેટ ઉભું કરવાની હાલની પરિસ્થિતિમાં અત્યંત જરુરીયાત છે. આથી આ અંગે ફળફળાદી વેચવા માટે ખાસ જગા ફાળવવી જોઈએ.

આ ઉપરાંત જે ખેડૂતો ગામડાઓમાંથી તેમની ખેતપેદાશો, શાકભાજી લઈ ગાંધીનગર શહેરમાં હરાજીથી વેચે છે. તેની જગ્યાએ તેઓને એક નમૂદ કરેલી જગા ફાળવવામાં આવે તો ખેતપેદાશો વેચનાર અને ખેતપેદાશો ખરીદનાર નાગરિકોને અનુકૂળતા અને રાહત થાય તેમ છે. હાલમાં ગાંધીનગર શહેરમાં ગામડાઓમાંથી આવતા ઉપરોકત ખેડૂતોને બેસવા માટે પણ કોઈ વ્યવસ્થા નક્કી કરેલ નથી.



તાજેતરમાં ઘ રોડના નવિનીકરણની કામગીરી કરવામાં આવી. રોડ તો સરસ થઈ ગયો, પણ આ કામગીરીમાં જૂની કલૅક્ટર કચેરીની સામેનો બમ્પ ઢંકાઈ ગયો. મતલબ કે બમ્પ ઉપર કરવામાં આવેલા સફેદ પટ્ટા નવિનીકરણના પડળમાં દબાઈ ગયા. આ કારણે વાહન ચાલકોને તકલીફો પડવા માંડી છે. નવા રસ્તા ઉપર સડસડાટ ચાલતું વાહન આ બમ્પ ન દેખાવાને કારણે ઊંચો કૂદકો મારીને ચાલકોને હલબલાવી નાખે છે. (તસવીર : દિપક જાની)

# જિલ્લાની કચેરીઓમાં બે હજાર પડતર તુમારો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાની કચેરીઓમાં પડતર તુમારોની સંખ્યા બે હજાર કરતાં પણ વધુ હોવાની હકીકતોને ધ્યાને લઈ આગામી શુક્રવાર અને શનિવાર એમ બે દિવસ દરમ્યાન ખાસ તુમાર ઝુંબેશ નિકાલ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા સંકલન સમિતિની મળેલી બેઠક દરમ્યાન વિવિધ કચેરીઓમાં તુમારોની સંખ્યામાં થઈ રહેલા વધારાને પગલે જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે આ અંગે ખાસ ઝુંબેશ આ બે દિવસો દરમ્યાન હાથ ધરવા જણાવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કલેક્ટર કચેરીમાં જ ૮૦૦ જેટલા તુમારો પડતર હોવાથી કલેક્ટરશ્રીએ આ મુદ્દે આ બે દિવસો દરમ્યાન મામલતદારશ્રીઓને પણ ગાંધીનગર તુમારો સાથે આવવા માટેની સૂચના આપી છે.

જિલ્લામાં સૌથી વધુ તુમાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની કચેરીમાં હોવાનું જાણવા મળેલ છે. જેમાં પડતર તુમારોની સંખ્યા એક હજારથી પણ વધુ છે. આ પછી બાગાયત કચેરી તેમજ અન્ય સરકારી કચેરીઓ આવે છે. પાટનગર યોજના પેટા વિભાગની કચેરીઓમાં પણ પડતર તુમારોની સંખ્યા સારી એવી હોવાનું જણાઈ આવ્યું છે.

જિલ્લાનું તંત્ર છેલ્લા થોડાક સમયથી સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત બન્યુ હોવાને કારણે તુમારોનો ભરાવો થઈ જવા પામ્યો છે. જો કે જિલ્લા કલેક્ટરશ્રીએ તુમારોના નિકાલ માટે શુક્ર-શનિના બે દિવસ દરમ્યાન ખાસ ઝુંબેશ હાથ ધરવાનો અભિગમ અપનાવ્યો હોવાથી સારો એવો નિકાલ થઈ જશે તેમ મનાઈ રહ્યું છે. જિલ્લાકક્ષાએ પહેલીવાર તુમાર નિકાલ માટે આવી સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

## કોઈપણ માધ્યમની શાળામાં શિક્ષક થવા માટે TET જરૂરી

### ઉમેદવારે ગુજરાતી, અંગ્રેજી-હિન્દી પૈકી એક માધ્યમમાં પરીક્ષા આપવી ફરજિયાત રહેશે : પીટીસી પરીક્ષા માન્ય

અમદાવાદ, તા. ૨૨

રાજ્ય સરકારે જુદાં જુદાં માધ્યમોમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં શિક્ષક થવા મો શિક્ષક થવા માટે શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીઈટી) પાસ કરવી જરૂરી હોવા ઉપરાંત અન્ય માધ્યમો માટે કેટલીક જોગવાઈ કરી છે. આ જોગવાઈ અંતર્ગત ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમની શાળાઓમાં શિક્ષક થવા માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ આ ત્રણે માધ્યમોમાં શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીઈટી) લેશે. અને જે ઉમેદવાર જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઈચ્છા ધરાવતા હશે તે જ માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા પાસ કરવાની રહેશે. આ ત્રણેય માધ્યમ માટે ફકત ગુજરાત રાજ્ય સરકાર બોર્ડ દ્વારા યોજવામાં આવાતી શિક્ષક યોગ્યતા પરીક્ષા જ ધ્યાને લેવાશે કેન્દ્ર સરકારની કે અન્ય રાજ્યની શિક્ષક યોગ્યતા પરીક્ષા માન્ય ગણાશે નહીં. આ ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એવા મુખ્ય ત્રણ માધ્યમો સિવાયના માધ્યમોની જે પ્રાથમિક શાળાઓ રાજ્યમાં આવેલી છે. તેમાં શિક્ષક થવા માટે ઉમેદવારે ગુજરાતી, અંગ્રેજી કે હિન્દી માધ્યમની શિક્ષક યોગ્યતા પરીક્ષા પૈકી કોઈપણ એક માધ્યમ લઈને પરીક્ષા પાસ કરવાની રહેશે આ ઉપરાંત આ ત્રણેય માધ્યમ સિવાયના જે માધ્યમની શાળામાં શિક્ષક થવા ઈચ્છતા હોય તે માધ્યમની કોઈપણ શાળામાં ધો.૧૦ સુધી ભણેલા હોવા જોઈએ.


જોઈએ છે
ઓફિસ માટે
મહિલા પ્યૂન
જે ઓફિસનું કામકાજ સંભાળી શકે તેવા
કુડાસણ-ગાંધીનગર, સ્વાગત રેઈનફોરેસ્ટ-૨
76000 77713

એસ.એસ.ફીલ્મસ એકેડમી
સીને સ્ટાર એન્ડ ટી.વી.આર્ટીસ્ટ એસોસીએશન
સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત રજી. F/15457/ અમદાવાદ
SS FILMS
Coming Soon....
छोटे जासूस
SAB
ડિટેક્ટીવ સસ્પેન્સ હિન્દી ટી.વી. સીરીયલ "છોટે જાસૂસ" માટે છોકરા/છોકરીઓ અને બાળકો ઉંમર 7 થી 15 વર્ષને 30 દિવસની એક્ટીંગ-અભિનય ટ્રેનીંગ આપવામાં આવશે
100% રોલની ગેરંટી
વેકેશન બેચ શરૂ
ટ્રેઈનીંગમાં શીખવાડવામાં આવશે.
બોડી લેંગ્વેજ, ફેસ-રીએક્શન, આઈ-રીએક્શન, કેમેરા ફેસ, ડાયલોગ ડીલીવરી અને ડાન્સ
● શુટીંગ સમયે એક દિવસના રૂ. ૫૦૦/- આપવામાં આવશે.
● ૩૦ દિવસની ટ્રેનિંગમાં બાળકોને લાવવા / લઈ જવાની સગવડ મારૂતિ વેન અથવા ઓટો રીક્ષા કંપની તરફથી રહેશે.
● "છોટે જાસૂસ" સિરિયલનું ટેલીકાસ્ટીંગ સબ ટી.વી. ચેનલ પર કરવામાં આવશે.
ટ્રેનીંગ સેન્ટર કુડાસણ, ગાંધીનગર
76000 77713
એડમીશન ચાલુ છે
રવિવારે સવારે ૯ થી ૧ ઓફિસ ચાલુ રહેશે








Stockiest List - Gandhinagar Dist. S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |